અપીલ અરજી નં.૨૪ તા.૨૨–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ડાહયાભાઈ છીતાભાઈ રાઠોડ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડાહયાભાઈ છીતાભાઈ રાઠોડની તા.૨૬–૨–૧૦ની અરજીથી એસ.એમ.સી.ના કર્મચારીઓ જયારે રિટાયર્ડ થાય છે ત્યારે એસ.એમ.સીનું પોતાના નામનું જે ઓળખપત્ર આપવામાં આવેલ હોય ત્યારેતે ઓળખપત્ર જમા કરાવવું પડે છે. તે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૪/૨૦૧૦–૧૧

શ્રી ડાહયાભાઈ છીતાભાઈ રાઠોડની તા.૨૬–૨–૧૦ ની અરજીથી એસ.એમ.સી.ના કર્મચારીઓ જયારે રિટાયર્ડ થાય છે ત્યારે એસ.એમ.સીનું પોતાના નામનું જે ઓળખપત્ર આપવામાં આવેલ હોય ત્યારેતે ઓળખપત્ર જમા કરાવવું પડે છે. તે બાબતે ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૭૪ તા.૨૭–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૪ તા.૩–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં દફતરી ઉપલબ્ધ માહિતી માંગેલ છે કે કાર્યવાહી નિકાલની રજૂઆત છે તે સ્પષ્ટ કરવા તથા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે કાર્યવાહી નિકાલ કે તકરાર નિકાલની બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર જાવક નં.જીએડી/ઈએસટી/૪૭૩ તા.૫–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, તથા લીંબાયતઝોન તરફથી ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમ વિભાગને પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૪૨૭૧ તા.૩–૩–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ચૂંટણીકાર્ડની તથા સીનીયર સીટીઝનની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૭૪ તા.૨૭–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૫–૧૦ ના રોજ તેઓ રીટાયર્ડ થયા ત્યારે ઓળખકાર્ડ જમા કરવામાં આવેલ છે તેવું જણાવતો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૬–૨–૧૦ ની અરજીથી એસ.એમ.સી.ના કર્મચારીઓ જયારે રિટાયર્ડ થાય છે ત્યારે એસ.એમ.સીનું પોતાના નામનું જે ઓળખપત્ર આપવામાં આવેલ હોય ત્યારેતે ઓળખપત્ર જમા કરાવવું પડે છે. જયાં આપવામાં કર્મચારીઓ રીટાયર્ડ થાય છે ત્યારે તેમને કોઈ પણ પ્રકારનું રીટાયર્ડ અંગેનું ઓળખકાર્ડ કે સર્ટીફીકેટ આપવામાં આવતું નથી તો હાલમાં શાસક પક્ષ મારફતે અથવા રાજય સરકાર મારફતે અથવા ઠરાવ ધ્વારા મંજુર કરાવી દરેક રીટાયર્ડને તે અંગેનું ઓળખપત્ર આપવા યોગ્ય કાર્યવાહી કરશો તેવી માહિતી માંગેલ છે. જે અંગે લીંબાયતઝોનને કરેલી અરજી પત્ર નં. આરટીઆઈ/સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૪૨૭૧ તા.૩–૩–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)ને તબદીલ કરવામાં આવેલ. તેઓ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૧૭૪ તા.૨૭–૩–૧૦ થી " સદર બાબતે રેકર્ડ આધારીત માહિતી નીલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૨–૪–૧૦ ના રોજ સંતોષકારક જવાબ મળ્યો નથી તથા એસએમસીના કર્મચારીઓ જયારે રીટાયર્ડ થાય ત્યારે તેમને તેમના નામનું ઓળખપત્ર આપવું જરૂરી છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. તેમજ અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્ર બાબતે તેઓ તા.૩૧–૩–૦૬ ના રોજ રીટાયર્ડ થયા ત્યારે ઓળખપત્ર જમા કરાવેલ છે તેવું જણાવેલ છે પરંતુ અપીલ અરજીમાં દફતરી ઉપલબ્ધ માહિતી માંગેલ છે કે કાર્યવાહીના નિકાલની રજૂઆત છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબધ માહિતી નીલ છે જે આપેલ છે. તેમજ અરજદારે સ્વયં રીટાયર્ડ વખતે કાર્ડ જમા કરાવેલ છે આથી કાર્ડ જમા કરાવવા બાબતે અરજદાર સદર માહિતીથી વાકેફ છે. જયારે અરજદારની અન્ય રજૂઆત હાલમાં શાસકપક્ષ અથવા સરકાર મારફતે દરેક રીટાયર્ડને ઓળખપત્ર મળે તેવો ઠરાવ મંજુર કરાવી કાર્યવાહી કરાવવાની રજૂઆત કરેલ છે. જે બાબત કાર્યવાહી હેઠળની રહે છે. અત્રે એ પણ સૂચક છે કે પ્રત્યેક નિવૃત કર્મચારીને પેન્શનબુક ઈસ્યુ કરવાની પ્રથા છે જ. અરજદાર પેન્શન મેળવતી હોય તો તેમની પાસે તે હોવાનું અનુમાનિત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૬–૨–૧૦ ની અરજીથી કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. તેથી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તર દફતરી વિગતે બહાલ રાખવામાં આવે છે અને અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદારની દરેક રીટાયર્ડ કર્મચારીને ઓળખકાર્ડ મળી રહે તે બાબતે શાસકપક્ષ તથા રાજય સરકાર ધ્વારા ઠરાવ મંજુર કરાવવાની કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડાહયાભાઈ છીતાભાઈ રાઠોડ